આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૩૧-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## સરદાર પટેલ-જન્મ જયંતી

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની આજે 150 મી જન્મ જયંતિ નિમિતે તેમને ભાવ સભર શ્રધ્ધાંજલિ આપવામાં આવી રહી છે. આજે રાષ્ટ્રીય એકતા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નર્મદા જિલ્લાના એકતા નગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે સરદાર વલ્લભભાઈ પટેલને અંજલિ અર્પણ કરવા સાથે એકતા પરેડમાં જોડાશે અને રાષ્ટ્રને સંબોધીત કરશે.

તદઉપરાંત ભુજ અને ગાંધીધામ સહિત વિવિધ સ્થળે સરદાર પટેલની પ્રતિમાંને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

(RNU અમદાવાદ/આરતી ભટ્ટ/NP)

------------------------------------------------------------------------

## સરદાર પટેલ-ભુજ એકતા યાત્રા

આઝાદી અપાવવામાં ભૂમિકા ભજવ્યા બાદ આઝાદ ભારતને એકતાંતણે બાંધનારા સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મ જયંતીએ ભુજમાં લેવા પટેલ સમાજ એકતા પદયાત્રા યોજશે. **આજે** સવારે સરદાર પટેલ વિદ્યાસંકુલ, પરિસરમાંથી જ્યુબિલી, જિલ્લા સેવા સદન, જયનગરથી એરપોર્ટ સર્કલ બાજુ પાંચ કિ.મી.ની પદયાત્રા સંગીતના તાલે, અને રાષ્ટ્રભક્તિના સૂરો સાથે યોજાશે. કચ્છી લેવા પટેલ સમાજ ભુજ આયોજિત આ યાત્રામાં દરેક સમાજોને જોડાવા આમંત્રણ અપાયું છે જેમાં બીએસએફના જવાનો પણ જોડાશે.

(NP/આરતી ભટ્ટ)

------------------------------------------------------------------------

# ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ

દેશનાં મહિલા પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીની આજે 40મી પુણ્યતિથિ છે. 1966 થી 77 અને 1980 થી 84 એમ બે તબક્કે દેશનું સુકાન સંભાળ્યું હતું. 1984માં એમની હત્યા કરવા માં આવી હતી. આજે તેમને વિવિધ સ્થળે અંજલિ અપાશે.

**(ચંદ્રવદન પટ્ટણી/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------------

# દિવાળીની શુભકામના

રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિક ભાઈ બહેનો અને વિશ્વભરમાં રહેતા ગુજરાતી પરિવારોને દિપાવલી પર્વ અને  વિક્રમ સવંત 2081ના નુતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. અને જણાવ્યુ છે કે આવનારુ વર્ષ સૌ માટે વિકાસ અને સમૃધ્ધિનું વર્ષ બની રહે તેવી મંગલ કામનાઓ.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------------

# પ્રકાશ પર્વ દિપાવલીની ઉજવણી

પ્રકાશપર્વ દીપાવલીની આજે ઉમંગ ઉલ્લાસભેર ઉજવણી  કરવામાં આવી રહી છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર દિવાળી પર્વનો પ્રારંભ આજે બપોર પછી થશે. એ સાથે શાસ્ત્રોક્ત વિધિ સર લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન થશે. આ વખતે સચરાચર વરસાદને લીધે લોકોમાં આ પર્વ ઉજવવા ઉમંગ ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, મુંદ્રા વિગેરે નગરોમાં   રોશનીનાં ઝગમગાટ વચ્ચે શણગારેલા દેવ મંદિરોમાં મંગળા આરતીનાં દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. ભુજમાં હમીરસરને કિનારે મંગળા પછી આતશબાજી અને ફટાકડાનાં ધૂમ ધડાકા થી વાતાવરણ ગાજી રહ્યું છે. મંદિરોમાં અને લોકો એ ઘર

આંગણે રંગોળી કરી છે. ઘરો દુકાનો પર રંગબેરંગી રોશની કરવામાં આવી છે. લોકો ખરીદી માટે ત્રણ દિવસ થી ઉમટી રહ્યા છે.

**(ચંદ્રવદન પટ્ણી/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## ખરીફ પાકોની ખરીદી

**રાજ્યમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી 11 નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોને થોડો વધુ સમય મળ્યો છે.**

રાજ્યના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આ રીતનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃધ્ધિ પોર્ટલ ૦૩ ઓક્ટોબર ૨૦૨૪ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી લંબાવવામાં આવી છે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## હંગામી ફટાકડા બજાર

**જીલ્લાના પાટનગર ભુજમાં દિવાળી અન્વયે કાર્યરત થયેલી હંગામી બજાર બે દિવાળીના દિવસને કારણે પેલી નવેમ્બર શુક્રવાર સુધી ચાલુ રહેશે.દિવાળી અનુસંધાને કલેક્ટર કચેરી દ્વારા પરવાના આપીને ગણેશનગર પંચાયત પ્રાથમિક શાળામાં આ ફટાકડાની હંગામી બજાર ચાલુ કરવામાં આવી છે. જે આવતીકાલે પણ ચાલુ રહેશે. એમ હંગામી ફટાકડા બજાર એસોસીએશનના પ્રમુખે જણાવ્યુ હતું.**

**(NP/આરતી ભટ્ટ)**

-----------------------------------------------------------------------

## બેલા સરહદ-દિવાળીની ઉજવણી

જીલ્લામાં વાગડ પાસે બેલા સરહદ ઉપર રખોપુ કરતા દેશના જવાનો સાથે પુર્વ કચ્છ પોલીસે દિવાળીના તહેવારની ઉજવણી કરી હતી.જયાં સીમા સુરક્ષા દળના જવાનોને મીઠાઈ અર્પણ કરવામાં આવી હતી.

**(NP/આરતી ભટ્ટ)**

--------------------------------------------------------------------